**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧.આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે , આરોપીએ/ઓ ચોરી કરી પકડાઈ જતા ભારતીય ફોજદારી સંહિતા, ૧૮૬૦ની કલમ–૩૭૯ મુજબનો ગુનો કરેલ છે.

૨. આ કામના ફરીયાદીએ અત્રેની કોર્ટમાં વિડ્રો પુરસીસ રજૂ કરેલ છે. ફરીયાદીએ અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહીને સદર વિડ્રો પુરસીસ સ્વેચ્છાએ રજૂ કરી જણાવેલ કે તેઓને સદર મુદામાલ મળી ગયેલ છે અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.સદર પુરસીસ ને ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૩૨૦(૧) અન્વયે ગ્રાહય રાખવામાં આવે છે. આથી આરોપી વિરુધ્ધ હાલની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની જરૂર ન હોય નીચે મુજબનો હુકમ ફરમાવું છુ.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી/ઓ ને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૩૨૦(૧) ને ધ્યાને રાખી ૩૨૦(૮) અન્વયે ભારતીય ફોજદારી સંહિતા, ૩૭૯ મુજબ ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્ધામાલ અંગે વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ ન થયો હોય તો ચોરી થયેલ મુદ્ધામાલ ની માલીકીની ખરાઈ કરી પરત સોપવો.

સદર હુકમ આજરોજ તા. ૯મી માહે સપ્ટેમ્બર સને –૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી, સં ભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩ (કર્ણ અજીત મારવાહા)

સ્થળ:સુરત પાંચમાં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત

કોડ નં. જીજે–૦૧૫૫૮